આપણું પોતાનું અખબાર

જીવાતા હોય તેવા ઉપદેશો સૌથી સારા હોય છે, શીખવાડાતા હોય તેવા નહીં
- મુનિ ચંદ્રશેખરજી

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૧૫ | ૧૬ ઓક્ટોબર, ૨૦૧૪, ગુરૂવાર ; આસો વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગિફ્ટ સિટીમાં બીએસઈનો આઈકોનિક ટાવર

## પ્રોજકેટ માટે બીએસઈ બ્રોકર્સ ફોરમને ગિફ્ટ સિટીમાં 3 લાખ સ્કવેર ફુટ બિલ્ડ અપ એરિયા ફાળવાયો

ગાંધીનગર, તા.૧૫

કેન્દ્રિય નાણા મંત્રીશ્રી અરૂણ જેટલીની ઉપસ્થિતિમાં ગુજરાતના નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેકસિટી (ગિફટ) ખાતે બીએસઈ બ્રોકર્સ ફોરમના સભ્યો માટે કોમર્શિયલ ટાવરના નિર્માણ અંગેનો એલોટમેન્ટ લેટર તેના વાઈસ ચેરમેન શ્રી અશોક ચૂરીવાલાને આપ્યો હતો.

ભારતના સૌપ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર ખાતે બ્રોકર્સ ફોરમના સભ્યો માટે ગ્રીન ટાવરનું નિર્માણ કરવામાં આવશે. આ નવા સ્થળે પોતાની બેકઓફિસ કામગીરી શરુ કરવાના ઉદ્દેશથી બીએસઈ બ્રોકર્સ ફોરમ ટાવરની સ્થાપના માટે અંદાજે રૂ. ૧૨૦ કરોડનું રોકાણ કરશે કારણ કે અહીં તેમને પ્રમાણમાં ઓછા ખર્ચે અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બનશે. ફોરમને તેના સભ્યો માટે કોમર્શિયલ ટાવરના નિર્માણ માટે ૩ લાખ સ્કેવર ફૂટ જગ્યા ફાળવવામાં આવી છે. બીએસઈ પણ ગિફટ ખાતેની આ નવી બિલ્ડીંગમાં એકસચેન્જ ઓફિસ શરુ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે મૂડી બજારના વિકાસ માટે બીએસઈ બ્રોકર્સ ફોરમ એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યુ છે. હાલમાં ઈકવીટી સેગમેન્ટમાં ફોરમના ૭૪૨ ટ્રેડીંગ સભ્યો એ કોમોડિટી સેગમેન્ટમાં ૯૩ ટ્રેડીંગ સભ્યો છે. બોમ્બે સ્ટોક એકસચેન્જ માં બીએસઈ બ્રોકર્સ આશરે ૪૦ ટકા ઈકવીટી હિસ્સો ધરાવે છે.

ગુજરાત માટે આ મહત્વપૂર્ણ સિધ્ધિનું સ્વાગત કરતા ગુજરાત સરકારના નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે સ્માર્ટ સિટી સ્વરૂપે ગિફટ સિટીમાં વિકાસશીલ દેશોનું સૌ પ્રથમ ગ્લોબલ ફાયનાન્સિયલ હબ એ ભારતના આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું સપનું રહ્યું છે. કેન્દ્ર સરકારની મદદથી ગુજરાત સરકાર ગિફટ સિટીના ઝડપી વિકાસ માટે જરુરી એવા તમામ પગલાં ભરી રહી છે જેનાથી ગુજરાત અને સમગ્ર ભારત માટે મોટી સંખ્યામાં રોજગારીની તકો સર્જાશે.

આગામી વર્ષોમાં વિશ્વના અન્ય સ્ટોક એકસચેન્જીસ આવીને ગિફટ સિટીમાં કામગીરી શરુ કરે તેવી અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે ગિફટ સિટી ભારતનું સૌ પ્રથમ ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિસ સેન્ટર તરીકે ઉભરી રહ્યું છે અને ઓફશોર બેકિંગ સુવિધાઓ ઓફર કરશે.

# રવિપાકની વાવણી વધારવા કૃષિમેળા

## રાજ્યભરમાં કૃષિ વિભાગ દ્વારા ૧૦મી નવેમ્બરથી ૧૦ દિવસ ખાસ કૃષિ મેળા યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત સરકારના કૃષિ વિભાગ દ્વારા આગામી ૧૦મી નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન રવિ સીઝન કૃષિ મહોત્સવની ઉજવણી કરવાની દિશામાં સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્ય સરકારે ચાલુ વર્ષને કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવી રહી છે ત્યારે ખાસ કિસ્સામાં રવિ સીઝન માટે કૃષિ મહોત્સવની નવતર ઉજવણી ઉજવવાનું આયોજન કર્યું છે.

આ માટે બે તાલુકા દીઠ એક કૃષિમેળાનું આયોજન કરાશે. જેમાં ખેડૂતોને રવિસીઝનના પાકો માટે વિશેષ માર્ગદર્શન વૈજ્ઞાનિકો દ્વારા અપાશે એટલુ જ નહિ પાકના વાવેતર અને ઓછા પાણીએ વધુ ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તેમજ સિંચાઈની નવી પદ્ધતિઓ અને સરકારની સહાય વિશે સમજ અપાશે.

ચાલુ વર્ષે રાજ્યમાં ચોમાસા દરમ્યાન વરસાદની ઘટ ઘણા બધા જિલ્લાઓમાં જણાઈ છે. તેમજ વરસાદની અનિયમિતતાને લઈ

● અનુસંધાન પાન-૭ પર



રંગોળીના રંગ - દિપાવલીના મહાપર્વે ઘેર-ઘેર રંગોળી પુરાય છે... ઘેર-ઘેર રોશની થશે... અતિથિઓને આવકારવાની ભારતીય સંસ્કૃતિની અનોખી શૈલી રંગોળીથી અભિવ્યક્ત થાય છે... ઘરના આંગણે રંગોળી સજાવી આવકારનો ભાવ વ્યક્ત કરાય છે... ભારતીય સમાજ જીવનમાં શુભ પર્વો અને પ્રસંગોએ રંગોળીનું સ્થાન મહત્વનું બની રહે છે... દિવાળીના દિવસોમાં રંગોળી સજાવવા વિવિધ રંગો બજારમાં ઉપલબ્ધ બન્યા છે... નગરના મુખ્ય બજારોની આસપાસ નયનરમ્ય રંગોની લારીઓ નજરે પડે છે... (તસવીર : દિપક જાની)

# રાજકોટમાં ૪૯.૩૨ ટકા મતદાન

## ભાજપના વિજય રૂપાણી અને કોંગ્રેસના ઉમેદવાર જયંતિ કલરિયાનું ભાવિ ઈવીએમમાં કેદ : રવિવારે મતગણતરી

અમદાવાદ, તા.૧૫

રાજકોટ પશ્ચિમ વિધાનસભાની બેઠક માટે આજે યોજાયેલ પેટાચૂટંણી ૪૯.૩૨ ટકા મતદાન થતા જીતના મોટા મોટા દાવા કરતાં બંને મુખ્ય રાજકીય પક્ષો અવઢવભરી સ્થિતિમાં મુકાઈ ગયા છે. રવિવારે મતગણતરી શરૂ થતા ચિત્ર સ્પષ્ટ થઈ જશે પરંતુ ભાજપના ઉમેદવાર વિજય રૂપાણીનો શાનદાર વિજય થશે તેવો ભાજપ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે અને ભાજપ તેની પરંપરાગત બેઠક જાળવી રાખશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યો છે જ્યારે બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર જયંતિ કાલરિયા મોટો અપસેટ સર્જશે તેવો દાવો કરી કોંગ્રેસના આગેવાનો ભાજપના ગઢમાં ગાબડુ પાડી કોંગ્રેસ આ બેઠક આંચકી લેશે તેવો દાવો કરી રહ્યા છે તેમ છતાં રેકર્ડ બ્રેક મતદાનની બંને પક્ષોની ગણતરી ઉંધી વળતા જાહેરમાં ગમે તેટલા દાવા કરતા હોય પરંતુ અંદરખાને બંને પક્ષોના આગેવાનો મુંઝવણ અનુભવી રહ્યા છે તેમ સુત્રો જણાવી રહ્યા છે.

રાજકોટ-૨ની પેટાચૂંટણીના મતદાનનો આજે સવારે ૭:૦૦ વાગ્યે પ્રારંભ ધીમી ગતિએ થયો હતો. કેટલાક મથકોમાં સવારથી જ લોકો મતદાન કરવા નીકળી પડ્યા હતા. તેમ છતાં પ્રથમ બે કલાકમાં ૬.૪૪

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતમાં મસ્ટરોની ચકાસણી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે પંચાયતની જુદી જુદી શાખાઓના મસ્ટરની ઓચીંતી તપાસ હાથ ધરવામાં આવતાં કર્મચારી આલમમાં તે મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લા પંચાયતના ચીટનીસને આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તપાસ શાખાઓના મસ્ટરની ઓચીંતી ચકાસણી કરવાની સૂચના આપી હતી.

જિલ્લા વિકાસ અધિકારીની સૂચનાના પગલે ચકાસણી અને તપાસ હાથ ધરાતાં ૮ થી ૧૦ જેટલા કર્મચારીઓ ગેરહાજર જણાયા હતા.

જ્યારે ૧૦ જેટલા કર્મચારીઓ નિયત સમય કરતાં મોડા આવી મસ્ટરમાં સહિઓ કરતા હોવાની હકીકતો ધ્યાને આવવા પામી છે.

જિલ્લા પંચાયતના તંત્રમાં પહેલીવાર મસ્ટર ચકાસણી અને તપાસ હાથ ધરવામાં આવતાં ભારે ચકચાર મચી જવા પામી છે.







## દિવાળી સ્પેશ્યલ

**રેલવે + ૨ X ૨ લકઝરી બસ, હોટલ બુકીંગ**

સ્પે. કાશ્મીર-સોનમર્ગ-ગુલમર્ગ-પહેલગામ-શ્રીનગર દિ.૧૧
સ્પે. હિમાચલ-શીમલા-મનાલી-ડેલહાઉસી દિ.૧૧

**૩ X ૨ લકઝરી બસ, જનરલ**

૨૩,૨૪,૨૮ - કચ્છ યાત્રા દિ.૪
૨૪,૨૬,૨૮ - સૌરાષ્ટ્ર યાત્રા દિ.૬

**૩ X ૨ લકઝરી બસ, હોટલ બુકીંગ**

૨૩,૨૪,૨૫,૨૮ - રોયલ રાજસ્થાન દિ.૭
૨૩,૨૪,૨૫,૨૮ - નાશિક-શીરડી-મુંબઈ દિ.૭

**૨ X ૧ સ્લીપર કોચ લકઝરી બસ, હોટલ બુકીંગ**

૨૨,૨૪,૨૮ - ઉત્તર ભારતયાત્રા દિ.૯
૨૫, ૩૦ - ઉજ્જૈન-પંચમઢી-ઓમકાળેશ્વર દિ.૬
૨૧,૨૩,૨૪,૨૫ - ગોવા-મહાબળેશ્વર-લોનાવાલા દિ.૯
૧૯,૨૮ - ૭ જ્યોર્તિલિંગ સાથે દ.ભારત દિ.૨૧
૨૦,૨૯ - ગંગાસાગર-જગન્નાથપુરી-નેપાળ દિ.૨૩

પાલનપુર-૯૮૯૮૪૫૪૨૩૯ ઊંઝા-૯૪૨૮૩૮૪૮૧૮
વિસનગર-૯૪૨૬૦૦૫૨૭૫ પાટણ-૯૪૦૮૧૪૨૮૧૭

**કૃણાલ ટ્રાવેલ્સ**

૫/એ, અગ્રવાલ સેન્ટર, ફર્સ્ટ ફ્લોર, ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ
૦૭૯-૨૭૫૪૨૭૨૫ ● મો. ૯૪૨૮૦૦૯૨૯૯, ૯૪૦૯૪૬૫૦૫૧










